**ફિફા વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 32 આજની મેચો**

| નેધરલેન્ડ vs મોરોક્કો | આઇવરી કોસ્ટ vs નોર્વે | ફ્રાન્સ vs સ્વીડન |
|---|---|---|
| સવારે 6.30 વાગ્યે | રાત્રે 10.30 વાગ્યે | મોડી રાત્રે 2.30 વાગ્યે |

## નેમારે વેનેઝુએલાની મદદ માટે રૂ. 2.1 કરોડનું દાન આપ્યું



બેલફાસ્ટ, તા. 29 : બ્રાઝિલના સ્ટાર ફૂટબોલર નેમાર જુનિયરે મેદાનની બહાર પણ ઉદાર દિલ દર્શાવીને ભૂકંપગ્રસ્ત વેનેઝુએલાને મદદ કરવા માટે 250,000 ડોલર અર્થાત અંદાજે રૂ. 2.1 કરોડનું દાન આપ્યું છે. વેનેઝુએલાના ન્યૂઝ પોર્ટલ અલ સુમારિયોના અહેવાલ મુજબ, આ રકમનો ઉપયોગ રાહત અને બચાવ કામગીરી માટે કરવામાં આવશે, જેમાં અસરગ્રસ્ત લોકોને ખોરાક, પીવાનું પાણી, દવાઓ અને આશ્રય આપવામાં આવશે. નેમારે આ મુશ્કેલ સમયમાં વેનેઝુએલાના લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને આશા વ્યક્ત કરી કહ્યું કે મારું હૃદય વેનેઝુએલાના લોકો સાથે છે. મને આશા છે કે મારું યોગદાન આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત પરિવારોને રાહત અને હિંમત આપશે.

# દક્ષિણ આફ્રિકાને 1-0થી હરાવી પહેલીવાર નોકઆઉટ મેચ જીતી કેનેડા અંતિમ 16માં

**કેનેડા** વતી સ્ટેફન યુસ્તાકિયોએ ઇન્જરી ટાઇમમાં કરેલો એકમાત્ર ગોલ નિર્ણાયક પૂરવાર થયો



ઈંગ્લવુડ, તા. 29 (એપી) : ફિફા વર્લ્ડકપમાં રવિવારે રાત્રે રમાયેલી રાઉન્ડ ઓફ 32ની પહેલી મેચમાં સ્ટેફન યુસ્ટાકિયોએ બીજા હાફના ઈન્જરી ટાઈમની બીજી મિનિટમાં કરેલા એકમાત્ર ગોલથી કેનેડાએ પ્રથમ નોકઆઉટ મેચમાં દક્ષિણ આફ્રિકાને 1-0થી હરાવીને અંતિમ 16માં પ્રવેશ કર્યો હતો.

સોફી સ્ટેડિયમમાં 90 મિનિટથી વધુ સમય સુધી હતાશા અને દક્ષિણ આફ્રિકાની રક્ષણાત્મક રણનીતિનો જવાબ આપવામાં નિષ્ફળતા પછી, કેનેડાએ એક ક્ષણમાં ઈતિહાસ રચી દીધો જ્યારે એલિસ્ટર જોહ્ન્સનના ઊંચા પાસને પેનલ્ટી બોક્સમાં યુસ્ટાક્વિઓએ પહેલા બોલને નીચે લાવીને પછી નેટના નીચેના ખૂણામાં એક શક્તિશાળી શોટ માર્યો. દક્ષિણ આફ્રિકાના ગોલકીપર રોનવેન વિલિયમ્સ પાસે તેને રોકવાની કોઈ તક નહોતી. આ સાથે જ કેનેડાએ વર્લ્ડકપના ઈતિહાસમાં પહેલીવાર નોકઆઉટ મેચ જીતી.

કેનેડાના વ્યસ્ત રમતગમત કેલેન્ડરમાં ફૂટબોલ ક્યારેય પ્રાથમિકતા રહ્યું નથી. આ ટીમનો ત્રીજો વર્લ્ડકપ દેખાવ છે, પરંતુ માર્શને વિશ્વાસ છે કે જીત દેશનું ધ્યાન ખેંચી શકે છે. કેનેડાની જીતનો હીરો નિઃશંકપણે યુસ્તાક્વિઓ હતો, જેણે ત્યારે જ ગોલ કર્યો જ્યારે એવું લાગતું હતું કે મેચ વધારાના સમયમાં જશે. શનિવારે હ્યુસ્ટનમાં અંતિમ ૧૬માં કેનેડાનો મુકાબલો નેધરલેન્ડ અથવા મોરોક્કો સામે થશે.



દક્ષિણ આફ્રિકા માટે વિલિયમ્સે પાંચ બચાવ કર્યા. તેની ટીમે પણ થોડા તકો બનાવી પરંતુ ગોલ પર ફક્ત એક જ શોટ ફટકારવામાં સફળ રહી.

# વિમ્બલડન : સિનર પાંચ સેટના સંઘર્ષ પછી પહેલો રાઉન્ડ જીત્યો

**કેસ્પર** રૂડ, કેમરન નોરી અને આન્દ્રે રુબેલેવ પહેલા રાઉન્ડમાં અપસેટનો શિકાર બનીને બહાર

**બેલિન્ડા** બેનસિક, ઇવા જોવિક.જેસિકા પેગુલા જીતી, માયા ક્વાલિન્સ્કા બિનક્રમાંકિત સામે હારી



લંડન, તા. 29 : ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે આજે સોમવારથી શરૂ થયેલી ગ્રાસ કોર્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં નંબર વન યાનિક સિનરે સેન્ટર કોર્ટ પરની પહેલી મેચમાં સર્બિયાના મિઓમીર કેકમાનોવિક સામે પાંચ સેટના સંઘર્ષ પછી મહામહેનતે જીત મેળવીને પોતાના ટાઈટલ ડિફેન્સની શરૂઆત કરી હતી, આ તરફ 11મો ક્રમાંકિત કેસ્પર રૂડ અને 26મો ક્રમાંકિત કેમરન નોરી પહેલા રાઉન્ડમાં હારીને બહાર થયા છે તો મહિલા સિંગલ્સમાં બેલિન્ડા બેનસિક, ઈવા જોવિક.જેસિકા પેગુલા પહેલો રાઉન્ડ જીતી છે અને 20મી ક્રમાંકિત માયા ક્વાલિન્સ્કા અપસેટનો શિકાર બની છે.

સિનર ટાઈબ્રેકમાં ત્રીજો સેટ ગુમાવવા છતાં, સિનરે બાકીની મેચમાં ફક્ત પાંચ પોઈન્ટ ગુમાવીને 4-6, 6-3, 6-7, 6-2, 6-3થી જીત મેળવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ્યો હતો., બીજા રાઉન્ડમાં સિનર નુનો બોર્જેસ સામે રમશે . લગભગ ચાર કલાક પછી, 2023 વિમ્બલ્ડન ક્વાર્ટર ફાઈનલિસ્ટ રોમન સફિયુલિને આન્દ્રે રુબલેવને 6-4, 6-7, 3-6 6-3 7-6થી હરાવ્યો હતો. મહિલા સિંગલ્સમાં ચોથી ક્રમાંકિત જેસિકા પેગુલાએ ચેક રિપબ્લિકની દાર્જા વિદમાનોવાને 7-5, 6-3થી હરાવીને તેના પ્રથમ રાઉન્ડના મુકાબલાને આરામથી પાર કર્યો. આ ઉપરાંત 11મી ક્રમાંકિત બેલિન્ડા બેનસિક, 16મી ક્રમાંકિત ઈવા જોવિકે પણ પ્રથમ રાઉન્ડ પાર કર્યો હતો જ્યારે 20મી ક્રમાંકિત માયા ક્વાલિન્સ્કા થાઈલેન્ડની બિન ક્રમાંકિત મનનચાયા સવાંગકાવ સામે અપસેટનો શિકાર બની હતી.

### વિમ્બલડનના પહેલા દિવસે બેકહામ માતા સાથે રોયલ બોક્સમાં જોવા મળ્યો



હાલમા ચાલી રહેલા ફિફા વર્લ્ડકપ વચ્ચે, ઈંગ્લેન્ડનો માજી ફૂટબોલ સુપરસ્ટાર ડેવિડ બેકહામ આજે સોમવારે વિમ્બલડનના પહેલા દિવસે રોયલ બોક્સમાં તેની માતા સાથે જોવા મળ્યો હતો. બેકહામ અને તેની માતા સાન્દ્રા રોયલ બોક્સમાં અભિનેતા માર્ક રાયલેન્સ અને બોયઝોન ગાયક રોનાન કીટિંગ સાથે બેઠા હતા. તેમણે ડિફેન્ડિંગ ચેમ્પિયન યાનિક સિનર અને મિઓમીર કેકમાનોવિક વચ્ચેની મેચ જોઈ. બેકહામ ફિફા વર્લ્ડકપ મેચો દરમિયાન વિવિધ યુએસ શહેરોનો પ્રવાસ કરી રહ્યા છે. તે પનામા સામે ઈંગ્લેન્ડની અંતિમ ગ્રુપ મેચ દરમિયાન પણ જોવા મળ્યો હતો.

# ઓલિમ્પિક્સ ક્રિકેટ : ભારતીય મહિલા ટીમ ક્વોલિફાય, પુરુષો માટે રેન્કિંગ મહત્ત્વનું

**ભારતીય** પુરુષ ટીમે ઓલિમ્પિક્સ 2028માં સીધા ક્વોલિફાય થવા માટે એશિયા ખંડના રેન્કિંગમાં ટોચ પર રહેવું પડશે

**ભારત** ઉપરાંત ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમો ઓલિમ્પિક્સ 2028 માટે ક્વોલિફાય થઇ

નવી દિલ્હી, તા. 29 : ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ચાલુ ટી-20 વર્લ્ડકપમાં એશિયાની સર્વોચ્ચ ક્રમની ટીમ તરીકે 2028ની લોસ એન્જલસ ઓલિમ્પિક્સ ગેમ્સ માટે ક્વોલિફાય કરી લીધું છે. બીજી તરફ, પુરુષોની ટીમે ઓલિમ્પિક્સમાં સીધી એન્ટ્રી મેળવવા માટે આ વર્ષના અંત સુધીમાં વર્લ્ડ રેન્કિંગમાં એશિયા ખંડમાં ટોચ પર રહેવું પડશે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા આજે સોમવારે આ ક્વોલિફિકેશન માપદંડો જાહેર કરવામાં આવ્યા છે. ક્રિકેટ એક સદી પછી ઓલિમ્પિક્સમાં વાપસી કરી રહ્યું છે, જેમાં પુરુષો અને મહિલાઓ બંને કેટેગરીમાં 6-6 ટીમો ભાગ લેશે.

આઈસીસીએ જણાવ્યું હતું કે, હાલના મહિલા ટી-20 વર્લ્ડકપ 2026માં ઓશેનિયા, યુરોપ, એશિયા અને આફ્રિકા ખંડમાંથી અનુક્રમે સર્વોચ્ચ રેન્કિંગ ધરાવતી ટીમો તરીકે ઓસ્ટ્રેલિયા, ગ્રેટ બ્રિટન , ભારત અને દક્ષિણ આફ્રિકાએ ૬ ટીમોની મહિલા સ્પર્ધા માટે ક્વોલિફાય કર્યું છે. નિવેદનમાં ઉમેરાયું છે કે, મહિલા ટી-20 વર્લ્ડકપમાં ભારતની સફર આશા કરતાં વહેલી સમાપ્ત થઈ હોવા છતાં, વનડે વર્લ્ડ ચેમ્પિયન ભારતે એશિયાનો ક્વોટા મેળવી લીધો છે.

### વેસ્ટ ઇન્ડીઝ કેમ સીધું ક્વોલિફાય ન થઈ શક્યું?

ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાની જેમ વેસ્ટ ઇન્ડીઝ પણ મહિલા વર્લ્ડ કપની સેમિફાઇનલમાં પહોંચીને ટોચની ચાર ટીમોમાં સામેલ થયું હતું. જોકે, વેસ્ટ ઇન્ડીઝ એ ઘણા કેરેબિયન દેશોનું સંયુક્ત બોર્ડ છે અને ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) દ્વારા તેને એક સિંગલ નેશનલ ઓલિમ્પિક કમિટી (NOC) તરીકે માન્યતા મળેલી નથી. તેથી તે એક ટીમ તરીકે ઓલિમ્પિકમાં ભાગ લઈ શકે નહીં કે ક્વોટા મેળવી શકે નહીં. વેસ્ટ ઇન્ડીઝ ટીમમાં એન્ટિગુઆ અને બાર્બુડા, બાર્બાડોસ, બ્રિટિશ વર્જિન આઇલેન્ડ્સ, ડોમિનિકા, ગ્રેનાડા, ગયાના, જમૈકા, સેન્ટ કિટ્સ એન્ડ નેવિસ, સેન્ટ લ્યુસિયા, સેન્ટ વિન્સેન્ટ એન્ડ ધ ગ્રેનેડિન્સ, ત્રિનિદાદ એન્ડ ટોબેગો અને યુએસ વર્જિન આઇલેન્ડ્સની ઓલિમ્પિક્સ સમિતિઓનો સમાવેશ થાય છે, જેઓ ICC ઇવેન્ટ્સમાં અલગ-અલગ રમતા નથી.

### પુરુષોની ટીમ માટેની પ્રક્રિયા

પુરુષોની ટીમ માટે અલગ-અલગ ખંડોમાંથી શરૂઆતી 4 ક્વોટા સ્લોટ નક્કી કરવા માટે રેન્કિંગનો આધાર લેવામાં આવશે. આઇસીસી મેન્સ ટી-20 ટીમ રેન્કિંગના આધારે જુદા જુદા ખંડોની સર્વોચ્ચ રેન્કિંગ ધરાવતી પાત્ર ટીમોને આ 4 સ્લોટ આપવામાં આવશે. આ માટેની છેલ્લી તારીખ 31 ડિસેમ્બર, 2026 રાખવામાં આવી છે.

## એમા રાદુકાનુ વિમ્બલડનમાંથી છેલ્લી ઘડીએ ખસી

લંડન, તા. 29 : બ્રિટિશ ખેલાડી એમા રાદુકાનુએ જમણા પગની ઈજાને કારણે વિમ્બલડન ટેનિસ ટુર્નામેન્ટમાંથી છેલ્લી ઘડીએ નામ પાછું ખેંચી લીધું છે. 2021 યુએસ ઓપન ચેમ્પિયન રાદુકાનુએ રવિવારે સાંજે ઇન્સ્ટાગ્રામ પર પોતાનો નિર્ણય જાહેર કર્યો. તેણે સોમવારે એન્ટોનિયા રુઝિક સામે પોતાની પહેલો મેચ રમવાની હતી. રાદુકાનુએ લખ્યું કે મેં મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા, પરંતુ આજે રાત્રે અંતિમ સ્કેન પછી, ઈજા ગંભીર હતી અને ડોક્ટરોએ મને ન રમવાની સલાહ આપી છે.

## FIH પ્રો લીગ : ભારતે શૂટઆઉટમાં ઇંગ્લેન્ડને 3-2થી હરાવ્યું

લંડન, તા. 29 (પીટીઆઈ) : ભારતીય પુરુષ હોકી ટીમે FIH પ્રો લીગમાં પોતાની પાછલી હારનો બદલો લઇને નિયમિત સમયના અંતે ગોલ રહિત રહ્યા બાદ પેનલ્ટી શૂટઆઉટમાં ઈંગ્લેન્ડને 3-2થી હરાવ્યું. નિર્ધારિત સમય સુધી મેચ ગોલ રહિત રહ્યા બાદ, મેચ પેનલ્ટી શૂટઆઉટમાં ગઈ. ભારત તરફથી શૂટઆઉટમાં અભિષેક, શિલાનંદ લાકરા અને હાર્દિક સિંહે ગોલ કર્યા હતા જ્યારે ઈંગ્લેન્ડ તરફથી ઝાચેરી વોલેસ અને ડેવિડ ગુડફિલ્ડે જ ગોલ કરી શક્યા હતા.

# ન્યૂઝીલેન્ડે ટેસ્ટ સીરિઝ જીતી સ્ટોક્સને યાદગાર વિદાયથી વંચિત રાખ્યો

**2-1થી** સીરિઝ અંકે કરવા સાથે ન્યૂઝીલેન્ડે ઈંગ્લેન્ડની ધરતી પર ચોથી ટેસ્ટ સીરિઝ જીતી

**14 વર્ષમાં** પહેલીવાર ઈંગ્લેન્ડે પોતાની ધરતી પર ત્રણ કે તેનાથી વધુ ટેસ્ટની સીરિઝ ગુમાવી

નોટિંઘમ, તા. 29 (એપી) : ન્યૂઝીલેન્ડે અહીં રમાયેલી ત્રીજી ટેસ્ટ 160 રનથી જીતીને ઈંગ્લેન્ડમાં ચોથી ટેસ્ટ સીરિઝ જીતી લઈને યજમાન ટીમના કેપ્ટન બેન સ્ટોક્સની ઈન્ટરનેશનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિને યાદગાર બનવા દીધી નહોતી. 373 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઈંગ્લેન્ડની ટીમ ચાર વિકેટે 103 રનથી આજે પાંચમા દિવસે દાવ આગળ ધપાવ્યા પછી લંચ પછી 212 રનમાં ઓલઆઉટ થઇ હતી અને તેની સાથે જ ન્યૂઝીલેન્ડે સીરઝ 2-1થી જીતી લીધી હતી. આ પહેલા ન્યુઝીલેન્ડે 1986, 1999 અને 2011માં ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝ જીતી હતી.

સ્ટોક્સે રવિવારે જાહેરાત કરી હતી કે ઈંગ્લેન્ડના કેપ્ટન તરીકે આ તેની છેલ્લી ટેસ્ટ હશે અને તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છે. ટેસ્ટના પાંચમા દિવસે તેણે કોઈ ભાગ ભજવ્યો ન હતો, રવિવારે 30 રન બનાવીને આઉટ થયો હતો. મેચ પછી સ્ટોક્સે કહ્યું, જીત સાથે વિદાય લેવી સારી હોત, પરંતુ તે એક સંપૂર્ણ દુનિયામાં થશે અને આ દુનિયા સંપૂર્ણ નથી. 14 વર્ષમાં આ પહેલી વાર છે જ્યારે ઈંગ્લેન્ડે પોતાની ધરતી પર ત્રણ કે તેથી વધુ ટેસ્ટની સીરિઝ ગુમાવી છે. તેઓ છેલ્લી નવ ટેસ્ટમાંથી સાત ટેસ્ટ હારી ચૂક્યા છે. અંતિમ દિવસે, ઈંગ્લેન્ડની આશા જો રૂટ અને એમિલિયો ગે પર ટકી હતી, પરંતુ બંને ચોથી ઓવરમાં આઉટ થઈ ગયા.

## યુએસ ઓપન બેડમિન્ટન : શ્રીકાંત રનર અપ રહ્યો

ફુલરટન, તા. 29 : યુએસ ઓપન સુપર 300 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતનો કિદામ્બી શ્રીકાંતે તેના કરતા નવ વર્ષ નાના ચાઇનીઝ તાઈપેઈના સુ લી યાંગ સામે ત્રણ ગેમ સુધી ચાલેલી કઠિન પુરુષ સિંગલ્સ ફાઇનલમાં હારનો સામનો કરવો પડ્યો. વિશ્વ ક્રમાંક 38 શ્રીકાંતે પહેલી ગેમ હાર્યા બાદ સારી વાપસી કરી હતી પરંતુ તે વિશ્વ ક્રમાંક 46 સુની ગતિનો મુકાબલો કરી શક્યો ન હતો અને અંતે એક કલાકથી વધુ ચાલેલી મેચમાં 15-21, 21-16, 9-21થી હારી ગયો હતો. શ્રીકાંત ગયા વર્ષે મલેશિયા માસ્ટર્સ સુપર 500 અને સૈયદ મોદી ઇન્ટરનેશનલ સુપર 300 માં પણ બીજા સ્થાને રહ્યો હતો.

# ભારત સામે ઐતિહાસિક સીરિઝ જીત બાદ આયર્લેન્ડના કોચ હેનરિક મલાનનું રાજીનામું

મલાને ચાર વર્ષના કાર્યકાળનો અંત કર્યા પછી આઇરિશ મૂળના વિલ્સન હેડ કોચ બન્યા



બેલફાસ્ટ, તા. 29 : આયર્લેન્ડના પુરુષ ક્રિકેટ ટીમના હેડ કોચ હેનરિક મલાને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ભારત સામે ટી-20 સીરિઝમાં 2-0થી ઐતિહાસિક જીત મેળવ્યાના માત્ર એક જ દિવસ બાદ તેમણે પોતાના ચાર વર્ષના સફળ કાર્યકાળનો અંત આણ્યો છે.

ગઈકાલે રમાયેલી બીજી અને અંતિમ ટી-20 મેચમાં આયર્લેન્ડે 154 રનનો બચાવ કરતા માત્ર એક રનથી રોમાંચક જીત મેળવી હતી. આ સાથે જ તેમણે છેલ્લા લગભગ ત્રણ વર્ષથી ચાલી આવતી ભારતની સતત 16 ટી-20 સીરિઝ જીતવાની અજેય સફરનો અંત આણ્યો હતો. આ પહેલાં, આયર્લેન્ડે પ્રથમ મેચ 34 રને જીતીને ભારત સામે ક્રિકેટ ઈતિહાસમાં પોતાની પ્રથમ ઈન્ટરનેશનલ જીત નોંધાવી હતી. દક્ષિણ આફ્રિકાના હેનરિક મલાનની જગ્યાએ હવે ગેરી વિલ્સનને ટીમના નવા હેડ કોચ બનાવવામાં આવ્યા છે. વિલ્સન આયર્લેન્ડના પ્રથમ આઈરિશ મૂળના હેડ કોચ બન્યા છે.

મલાનના કોચિંગ માર્ગદર્શન હેઠળ આયર્લેન્ડની ટીમે સતત ત્રણ વખત ટી-20 વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું. મેલબોર્નમાં ઈંગ્લેન્ડ સામે ઐતિહાસિક ટી-20 વર્લ્ડકપ મેચ જીતી. અફઘાનિસ્તાન સામે અબુ ધાબીમાં પ્રથમ ટેસ્ટ જીત મેળવી.

## પ્રથમ ટેસ્ટમાં વેસ્ટઈન્ડિઝે શ્રીલંકાને હરાવ્યું, રોચની 300 વિકેટ પુરી

નોર્થ સાઉન્ડ, તા. 29 (એપી) : વેસ્ટ ઈન્ડિઝે રવિવારે અહીં શ્રીલંકાને બીજી ઈનિંગમાં 101 રનમાં ઓલઆઉટ કર્યા બાદ પ્રથમ ટેસ્ટ એક ઈનિંગ અને 217 રનથી જીતી લીધી હતી. આ ટેસ્ટ દરમિયાન અનુભવી ઝડપી બોલર કેમાર રોચે કેરિયરની 300 ટેસ્ટ વિકેટ પુરી કરી હતી. રોચે મેચમાં 51 રન આપીને ચાર વિકેટ લીધી અને તેને સાથી ઝડપી બોલર જેડેન સીલ્સ (14/3), શમર જોસેફ (19/૨) અને અલ્ઝારી જોસેફ (૧૧/૧) નો સારો સાથ મળ્યો. આ સાથે, વેસ્ટ ઈન્ડીઝે ચોથા દિવસે લંચ પછી શ્રીલંકાની ઈનિંગ્સને ફક્ત 31 ઓવરમાં જ સમેટી લીધી અને બે ટેસ્ટ મેચની સીરિઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી. ટેસ્ટ ક્રિકેટમાં આ વેસ્ટ ઈન્ડીઝનો છઠ્ઠો સૌથી મોટો વિજય છે. શ્રીલંકાના ફક્ત બે બેટ્સમેન દિનેશ ચંદીમલ (43)અને સોનલ દિનુષા (12*) બે આંકડા સુધી પહોંચી શક્યા. વેસ્ટ ઈન્ડિઝે ત્રીજા દિવસે વિજયનો પાયો નાખ્યો જ્યારે આમિર જાંગુ અને કેપ્ટન રોસ્ટન ચેઝે છઠ્ઠી વિકેટ માટે રેકોર્ડ 401 રનની ભાગીદારી કરતાં યજમાન ટીમે નવ વિકેટે 626 રન પર પોતાનો પહેલો દાવ ડિકલેર કર્યો, 308 રનમાં શ્રીલંકાનો પ્રથમ દાવ સમેટાયો હોવાથી તેમણે 318 રનની સરસાઈ મેળવી.

**Muthoot Homefin**
**Muthoot Homefin (India) Ltd.**

CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રુપા રેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ-400028.
બ્રાન્ચ ઓફિસઃ મુથૂટ હોમફિન (I) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત-395009.

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની શરત જુઓ]
પ્રાઇવેટ ટ્રીટી સહ વેચાણ માટેની જાહેર નોટિસ

ધિરાણ લેનાર પાસેથી લેણી રકમની વસૂલાત માટે 'સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002' હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ સુરક્ષિત અસ્કયામત (મિલકત)નો કબજો લીધા અનુસંધાને, નીચે સહી કરનાર દ્વારા મિલકત ખરીદવા માટે બંધ કવરમાં ઓફર્સ આમંત્રિત કરવામાં આવે છે. આ સ્થાવર મિલકત જે સ્થિતિમાં છે, જ્યાં છે, 'જેમ છે તેમ' અને 'જે કંઈ પણ છે તે જ ધોરણે' કબજામાં છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્રમ નં. | બોરોવર (ધિરાણ લેનાર) / કો-બોરોવર / જામીનદાર / લોન એકાઉન્ટ નં. / શાખા | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત | બાનાની રકમ (EMD) (અનામત કિંમતના 10%) |
|---|---|---|---|---|---|
| 1. | અવધેશ ઇન્દ્રજીત તિવારી / સરિતા અવધેશ તિવારી / 004-00404540 / સુરત | 23-નવેમ્બર-2021 રૂ. 7,12,179/- (રૂપિયા સાત લાખ બાર હજાર એકસો ઓગણએંસી પૂરા) | ફ્લેટ નં. G-2, ગ્રાઉન્ડ ફ્લોર, હરિ કૃષ્ણા, સાઈ વાટિકા રો હાઉસ, વિભાગ 2, ઓફ-સુરત, બારડોલી હાઇવે, રેવન્યુ સર્વે નં. 208, બ્લોક નં. 275, બગુમરા, પલસાણા, સુરત, ગુજરાત-394327 | રૂ. 2,00,000/- (રૂપિયા બે લાખ પૂરા) | રૂ. 20,000/- (રૂપિયા વીસ હજાર પૂરા) |

1. હરાજી "જેમ છે તેમ અને જ્યાં છે ત્યાં" અને "જે કંઈ પણ છે તે જ ધોરણે" કરવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપર જણાવેલ પ્રાદેશિક કચેરી ખાતે ઉપલબ્ધ છે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં બંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 21-જુલાઈ-2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી ઉપર જણાવેલ પ્રાદેશિક કચેરીના સરનામે છે, જેની સાથે 'Muthoot Homefin (India) Ltd.' ના પક્ષમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ચૂકવવાપાત્ર EMD અને KYC દસ્તાવેજો જોડવાના રહેશે. જે ટેન્ડરો સંપૂર્ણ ભરેલા ન હોય અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડરો અમાન્ય ગણાશે અને તે મુજબ રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 20-જુલાઈ-2026ના રોજ બપોરે 01:00 થી બપોરે 03:00 વાગ્યા દરમિયાન છે.
5. મિલકત માટે બિડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) 22-જુલાઈ-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે ઉપર દર્શાવેલ બ્રાન્ચ ઓફિસના સરનામે અધિકૃત અધિકારી દ્વારા રાખવામાં આવી છે.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/ટેક્સની બાકી રકમ વગેરે (જો કોઈ હોય તો) ચૂકવવા માટે જવાબદાર રહેશે નહીં અને તે રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઈચ્છુક બિડરે મિલકતના ટાઇટલ અને બોજા અંગે પોતાની રીતે સ્વતંત્ર તપાસ કરવી જોઈએ તેમજ જાતે નિરીક્ષણ કરીને સંતોષ મેળવી લેવો જોઈએ.
7. સૌથી વધુ બોલી લગાવનાર MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણ દર્શાવ્યા વિના મળેલી તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવાનો અથવા નકારવાનો અધિકાર અનામત રહેશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. બોરોવર(ઓ) / જામીનદાર(ઓ)ને આથી SARFAESI ACT, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપર જણાવેલી રકમ ચૂકવી દે, તેમ ન કરવામાં આવે તો સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને જો કોઈ બાકી રકમ હશે તો તે વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો બોરોવર વેચાણની તારીખ પહેલાં મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને લેણી રકમ સંપૂર્ણ ચૂકવી દેશે, તો હરાજી રદ થવા પાત્ર રહેશે.

વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસના સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક કરનાર વ્યક્તિ - અમર પાટીલ - 9737057744
તારીખ: 30 જૂન, 2026,
સ્થળ: સુરત
સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ.

### સુડોકુ ૬૫૬૩ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | | | ૪ | | ૯ | ૩ | |
| | ૭ | | ૮ | | ૩ | | | |
| ૪ | | ૩ | ૧ | ૨ | ૯ | | | ૭ |
| | | | | | ૮ | | | |
| ૩ | ૪ | | | ૭ | ૧ | ૬ | ૨ | ૮ |
| ૮ | ૨ | ૬ | ૪ | ૩ | | | ૧ | ૯ |
| ૬ | ૩ | | ૫ | | | | | ૪ |
| | ૯ | | ૩ | | ૭ | ૮ | | ૬ |
| | ૫ | | | | ૪ | ૨ | | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દકેડકે-૬૪૬૬ કૃતિ

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### જઠર પર સોજો

ભૂખ ઓછી થવી, શ્વાસમાં બદબૂ, જીભ પર છારી, બેચેની થવી, અપચાથી પરેશાન છો. ગલગોટાનાં ફૂલ એક ખોબો વાટી કાઢેલો રસ સવાર સાંજ પીવા આપો. પંદર દિવસ ચાલુ રાખો.

## આજનું પંચાંગ

**તા. 30/06/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિઃ** વદઃ એકમઃ વૃદ્ધિ તિથિ છે
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢઃ 09
**યોગ :** બ્રહ્મ **કરણઃ** બાવલ
**રાશિ :** ધન (ભ,ધ,ફ,ઢ,) **નક્ષત્ર :** પૂ.ષાઃ- વૃદ્ધિ નક્ષત્ર છે
**દિવસ :** અશુભ- વટસાવિત્રી વ્રતના પારણા
**સુરતમાં સૂર્યોદય :** 06:02 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22 **નવકારસી :** 06:50
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 20મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 14મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુકાળઃ બપોરેઃ- 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. વિદેશના કામમાં મદદ મળે. અચાનક સફળતા મળે. નવી તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** પડવા-વાગવાથી સંભાળવું. કોઈની વાતોમાં આવવું નહી. અટકેલા કામમાં પ્રગતિ થાય. ધર્મ-કર્મ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** સમાજિક કામમાં યશ મળે. પરિવારમાં નાના સભ્યોની પ્રગતિથી ઉત્સાહિત રહેશો. શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** નોકરીમાં નવી તક ઊભી થાય. હરીફોથી સાવધાન માતા અને મોસાળ પક્ષ સાથે ઘર્ષણ થાય. મન અશાંત.

**સિંહ (મ,ટ,):** વિદ્યાભ્યાસમાં નવું શિખવા મળે. મિત્રોની મદદથી સામાજિક કામ થાય. શેરબજારમાં ધીરજ.

**કન્યા (પ,ઠ,ણ,):** ઘરમાં નવો ફેરફાર થાય. બહારના કામમાં મદદ મળે. વડીલોની મદદથી ઘરમાં તાલમેળ.

**તુલા (ર,ત,):** આત્મવિશ્વાસ વધે. વહીવટી કામમાં સફળતા મળે. આવક વધારવાની તક મળે. પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** મોજ-શોખના ધંધામાં આવક વધે. શુભ કામમાં ખર્ચા વધે. પરિવારમાં તાલમેળ રહે. આવક વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નોકરી-ધંધામાં હરીફોથી સાવધાન. પારિવારિક પ્રશ્નો સતાવે. સમાજમાં યશ મળે. અચાનક પ્રવાસ થાય.

**મકર (ખ,જ,):** ખર્ચા વધશે. આરોગ્ય નરમ રહે. સામાજિક કામમાં યશ મળે. કોર્ટ-કચેરીમાં સાવધાન રહેવું.

**કુંભ (ગ,સ,શ,ષ,):** મિત્રોની મદદ સંતાનોના કામમાં મળશે. નવા રોકાણથી લાભ થાય. પ્રેમમાં અનુકૂળતા રહે.

**મીન (દ,ચ,ઝ,થ,):** આવક વધે. પ્રોપર્ટીને લગતા કામ થાય. ધંધામાં વડીલોની મદદથી નવી યોજના પાર પડશે.

### કોઈ પણ સાલમાં 30 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે નવી તકો મળે. ટેકનોલોજીનું જ્ઞાન ઉપયોગી બને. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી અટકે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં માન વધે. પરિવારના નાના સભ્યોને મદદરૂપ બનશો. વધારાની આવકની યોજનામાં મિત્રોનો સાથ મળે. નવા ઘર-વાહન, મકાનની યોજના પાર પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદ્યાર્થીઓને મદદ મળતી રહે. વિદેશના કામમાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહની શક્યતા રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી-માર્ચ-તથા નવેમ્બર- ડિસેમ્બર, ગુરુ, શુક્રવાર, 03, 12, 21,30 તારીખે નવા કામ કરવાં. સોનેરી રંગનો ઉપયોગ કરતા રહેવુ. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 2,11,20 29 તારીખે નવા કામ ટાળવા. લાલ-નીલા રંગનો ઉપયોગ ટાળવો. ગુરુવારનાં ઉપાય કરતા રહેવું.

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**કડોદરા શાખા :** છત્રાલા બિઝનેસ સેન્ટર, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.૧ અને ૨, સુરત–કડોદરા રોડ, ડીજીવીસીએલ ઓફિસની બાજુમાં, તા.પલસાણા, જી.સુરત
Ph. : 02622-272230, 274275. E-mail : kadoda@bankofbaroda.com

**કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)[સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૯.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી દિપક અરૂણ મરાઠે (દેવાદાર) અને શ્રીમતી આશાબાઈ અરૂણ મરાઠે (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૯,૩૫,૪૪૫.૯૦/–(અંકે રૂા. નવ લાખ પાત્રીસ હજાર ચારસો પીસ્તાલીસ અને નેવુ પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૬મી જૂન સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,** ની રકમ **રૂા.૯,૩૫,૪૪૫.૯૦ વત્તા વ્યાજ અને તેના ઉપરનું અન્ય ચાર્જીસ** ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'મહાદેવ રેસીડન્સી–૨' નો પ્લોટ નં. ૨૪૧ માપ ૪૦.૧૯ ચો.મી વણવહેંચાયેલ રોડ અને સીઓપી ના હિસ્સા સહિત જમીન રે.સ.નં. ૨૫૬/૩, ૨૫૬/૨ + ૨૬૦, બ્લોક નં. ૧૮૨ ગામ.તાતીથૈયા, તા. પલસાણા, જી. સુરત ખાતે આવેલ છે. આ મિલકતની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડેની પ્લોટ નં. ૨૬૨, **પશ્ચિમ તરફ :** જોડેનો રોડ, **ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં. ૨૪૦, **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં. ૨૪૨ આવેલ છે.

તા. ૨૬.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, કડોદરા શાખા, સુરત

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**માન દરવાજા શાખા :** ૧લો માળ, ક્રિષ્ણા માર્કેટ, કિન્નરી ટોકીઝ પાસે, રીંગ રોડ, સુરત– ૩૯૫૦૦૨ ફોન : ૦૨૬૧– ૨૩૨૫૧૪૫
E-Mail Id : surman@bankofbaroda.co.in

**કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના (રૂલ ૮(૧) હેઠળ**

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (બીજો) એકટ ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી દિનેશભાઈ દેવરાજભાઈ જાસાણી (દેવાદાર), શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઈ જાસાણી (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૭,૫૩,૧૪૭ (રૂપિયા સત્તર લાખ ત્રેપ્પન હજાર એકસો સુડતાલીસ પુરા) + તેના ઉપરનું વ્યાજ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૫મી જૂન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર/ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,**ની રકમ **રૂા.૧૭,૫૩,૧૪૭** વત્તા તેના ઉપરનું વ્યાજ ને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'જલદર્શન ફ્લેટ નો વિભાગ–એફ ના ૪થા માળ નો ફ્લેટ નં. એફ/૪૦૧, બિલ્ટઅપ એરિયા ૪૮૧ ચો.ફુટ એટલે ૪૪.૭૦૩ ચો.મી, વણવહેંચાયેલ હિસ્સા માપ ૧૭.૧૩૮ ચો.મી, સીંગણપોર પોલીસ સ્ટેશન નજીક, ગામ.સીંગણપોર, તા. ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડની બિલ્ડીંગ નં.એ, **પશ્ચિમ તરફ :** જોડેની બિલ્ડીંગ નં.ઈ , **ઉત્તર તરફ :** જોડેની બિલ્ડીંગ નં.સી, **દક્ષિણ તરફ :** જોડેનો ખુલ્લી જમીન અને મિલકત ની ચલા નં. ૫૪, ૫૫, ૫૬.

તા. ૨૫/૦૬/૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, માન દરવાજા શાખા